PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૧૪/કવા–૦૨/૧૭–૧૮/ 6343 તા. 02-11-17

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
ચેતનભાઈ આર. કારીયા,
તુલશી પાર્ક – ૨, ડીટી. ૩૯–એલ–૫૬બી,
કૃષ્ણાકોમ્પલેક્ષ ની સામે,
રૈયા ટેલીફોન એકસચેન્જ ની પાસે,
રાજકોટ
મો: ૯૮૭૯૫ ૧૧૨૨૯

વિષય :–વીજબીલ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૨૬–૦૯–૧૭ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૧૧૪/કવા–૦૨/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, કાલાવડ રોડ પેટા વિભાગીય કચેરી, રાજકોટ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| | | |
|---|---|---|
| કેસ નં. : સીજીઆરએફ : ૧૧૩/કવા–૦૨/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૨૭–૧૦–૧૭ | સ્થળ : રાજકોટ |

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: ચેતનભાઈ આર. કારીયા, ગામ: રાજકોટ

રજુઆત કરનાર: અરજદાર શ્રી ના પ્રતિનીધી તરીકે તેમના પિતા શ્રી રમેશભાઈ એલ. કારીયા હાજર રહેલ હતા.

વિ રુધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : કાલાવડ રોડ પેટા વિભાગીય કચેરી, રાજકોટ (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ)

રજુઆત કરનાર :એચ.બી.પરમાર (કાર્યપાલક ઈજનેર શ્રી શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ)

## : હુકમ :

ફરીયાદ : વીજબીલ બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે , વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓના ઘરવપરાશ વીજજોડાણ નં.: ૩૯૯૦૯/૨૦૧૨૧/૬ મા માહે માહે જુલાઈ–૨૦૧૭ ના વીજબીલ ની રકમ રૂ.૧૨,૦૪૬/૫૬ આવેલ છે. જે તેઓના જોડાણ મા જોડાયેલ વીજભાર – તેમજ તેઓના વીજવપરાશ કરતા ઘણુ જ વધારે વીજબીલ આવેલ છે. આમ – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર શ્રી ના ઘરવપરાશ વીજજોડાણ નં.: ૩૯૯૦૯/૨૦૧૨૧/૬ મા માહે જુલાઈ–૨૦૧૭ ના વીજબીલ ની રકમ રૂ.૧૨,૦૪૬/૫૬ આવતા, અરજદાર શ્રી એ ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર મા અરજી કરેલ, જેના અનુસંધાને ગ્રાહક શ્રી નુ મીટર તા.૧૨–૦૮–૧૭ ના રોજ પર્ફોમા –૧૫ નંબર : ૭૮૨૯૦૪ થી બદલાવેલ, તે સમયે જુના મીટર ના રીડીગ – ૩૧૫૧૧ કેડબલ્યુએચ અને નવા મીટર નુ શરૂઆતનુ રીડીગ : ૩.૯ કેડબલ્યુએચ હતા. જે સદર જુનુ મીટર પરીક્ષણ અર્થે મીટર લેબોરેટરી મા મોકલવામા આવેલ , જે તા.૧૮–૦૮–૧૭ – મીટર ટેસ્ટીગ લેબોરેટરીના રોજ ના રોજકામ મુજબ, છેલ્લા રીડીગ ૩૧૫૧૧, તેમજ સદર મીટર ના એકયુચેક નુ રીઝલ્ટ –૦.૮૫% આવેલ છે. જે ગ્રાહક શ્રી ને બતાવી અને જાણકારી આપેલ છે, અને એમ.આર.આઈ. અહેવાલ મુજબ, જે તે સમયે એમ.ડી. તેમના વીજવપરાશ મુજબ યોગ્ય જણાયેલ છે. જેથી, ગ્રાહક ને અપાયેલ માહે જુલાઈ–૨૦૧૭ ના વીજબીલ, તેમના વીજવપરાશ મુજબ જ છે. તે સ્પષ્ટ જણાયેલ હોય, આમ ગ્રાહક શ્રી ને અપાયેલ સવાલવાળુ વીજબીલ યોગ્ય છે. તે મુજબ નો વિગતવાર અહેવાલ રૂપી અભિપ્રાય પીજીવીસીએલ તરફથી ફોરમ સમક્ષ રજુ કરાયેલ છે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| <u>૩.૧</u> | અરજદાર ની મુદ્દા નં.૧.૧ મુજબ ની વિગતો ને આનુષાંગીક રહીને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા ન. ૨.૧ મુજબ ની વિગતે નો અહેવાલ અપાયેલ છે, જેમા જણાયેલ છે કે, ગ્રાહક શ્રી ના સ્થાપન પર નુ મીટર જે તા.૧૨–૦૮–૧૭ ના રોજ સ્થળ પર થી ઉતારી અને પેપર પેક કરાયેલ હોય, અનેતા.૧૮–૦૮–૧૭ – મીટર ટેસ્ટીગ લેબોરેટરીના રોજ ના રોજકામ મુજબ, ગ્રાહક શ્રી ની હાજરી મા સદર મીટર ના એકયુચેક નુ રીઝલ્ટ –૦.૮૫% આવેલ છે. તેમજ એમ.આર.આઈ. અહેવાલ પણ– જે તે સમયે એમ.ડી. તેમના વીજવપરાશ મુજબ યોગ્ય જણાયેલ છે. જે બાબત ની ગ્રાહક શ્રી ને સમજણ સાથે ની જાણકારી અપાયેલ છે. આમ, અરજદાર શ્રી ને અપાયેલ માહે જુલાઈ–૨૦૧૭ નુ વીજબીલ, તેમના વીજવપરાશ મુજબ જ યોગ્ય જણાયેલ છે. વળી, ગ્રાહક શ્રી નુ પી.આર.ટી.–૧૪૫ ની ચકાસણી કરવામા આવતા – માહે સપ્ટેમ્બર–ઓકટોબર– ૨૦૧૦ મા ૧૨૮૬ યુનીટ અને માહે જુન–૨૦૧૪ મા ૧૦૧૮, માહે જુલાઈ– ૨૦૧૪ મા ૧૦૨૩ યુનીટ વીજવપરાશ થયેલ છે. તેમજ, ગ્રાહક શ્રી નુ મીટર બદલાવતા સમયે, તેમના જોડાણ મા ચેકીગ શીટ નં. : આરસીસી–૮૨૧૭૪, તા.૧૨–૦૮–૧૭ મુજબ, જોડાયેલ કુલ વીજભાર ૪.૭૨૮ કીવો હતો. આમ, સદર તમામ બાબતો ને આધીન ગ્રાહક શ્રી ને અપાયેલ સવાલવાળુ માહે જુલાઈ–૨૦૧૭ નુ ૧૮૧૩ યુનીટ મુજબ અપાયેલ વીજબીલ, તેમના વીજવપરાશ મુજબ જ હોય, જે અરજદાર શ્રી એ ભરપાઈ કરવા પાત્ર છે. તે બાબત ની જાણકારી અરજદાર શ્રી ને અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૧૦ મા આપવા સબબ નો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

<u>મુદ્દા નં.–૪ :</u> <u>હુકમ</u>

| | |
|---|---|
| <u>૪.૧</u> | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી ને અપાયેલ સવાલવાળુ માહે જુલાઈ–૨૦૧૭ નુ ૧૮૧૩ યુનીટ મુજબ નુ વીજબીલ, અરજદાર શ્રી ના જે તે સમયે ના વીજવપરાશ મુજબ જ હોય, જે વીજબીલ – અરજદાર શ્રી એ પીજીવીસીએલ મા ભરપાઈ કરવા પાત્ર છે. તે બાબત ની જાણકારી અરજદાર શ્રી ને અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૧૦ મા આપવા સબબ નો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.